# કોઈ સમુદાય પ્રત્યે ભેદભાવ નહિ ચલાવાય : નરેન્દ્ર મોદી

## કોઈ સમુદાય સામે પક્ષપાત, હિંસા ચલાવાશે નહીં : મોદીની ચેતવણી : ઉશ્કેરણીજનક ટિપ્પણી કરનાર સંઘ પરિવારને પણ સ્પષ્ટ સંદેશ :બંધારણમાં દરેક નાગરિકને ધાર્મિક સ્વતંત્રતા મળેલી છે અને તેની અવગણના કરી શકાય નહીં : અચ્છે દિન દેશમાં ચોક્કસપણે આવ્યા હોવાનો દાવો કર્યો

નવી દિલ્હી,તા. ૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે લઘુમતી વિરોધી નિવેદનો ઉપર સંઘ પરિવારને સ્પષ્ટ ચેતવણી



આપી હતી. પોતાની સરકારની એક વર્ષની અવધિ પુરી થવાના પ્રસંગે આયોજીત એક ઈન્ટરવ્યુમાં મોદીએ સંઘ પરિવારને સ્પષ્ટપણે ઉલ્લેખ કરીને ચેતવણી આપવાનો સંકેત આપ્યો હતો.

મોદીએ કહ્યું હતું કે, સંઘ પરિવારના કેટલાક નેતાઓ દ્વારા આપવામાં આવેલા લઘુમતી વિરોધી નિવેદન બિનજરૂરી હતા. બીજીબાજુ મોદીના નિવેદનથી ચોંકી ઉઠેલા સંઘે આનાથી જુદી પ્રતિક્રિયા આપીનો આને વધારે મહત્વ આપવાનો ઈન્કાર કરી દીધો છે. આ નિવેદન પર સંઘનું કહેવું છે કે, તે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ છે, સંઘ પરિવાર નથી. મોદીએ આજે એમ પણ કહ્યું હતું કે, તેમની સરકાર લઘુમતીઓની સામે હિંસાને ચલાવી લેશે નહીં. તેમણે એમપણ કહ્યું હતું કે, કોઈ સમુદાય પ્રત્યે ભેદભાવને સહન કરવામાં આવશે નહીં. બંધારણ તમામને ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર આપે છે.

મોદીની આ ટિપ્પણી છેલ્લા એક વર્ષ દરમિયાન વારંવાર ઉશ્કેરણીજનક નિવેદન કરનાર પ્રધાનો, ભાજપના નેતાઓ માટે ચેતવણી સમાન પણ છે. અત્રે નોંધનીય છે કે, છેલ્લા એક વર્ષના ગાળા દરમિયાન ચર્ચ પર હુમલા અને કેટલાક ભાજપ સંઘના નેતાઓના ઉશ્કેરણીજનક નિવેદનથી સરકારને ખૂબ અપમાનજનક સ્થિતિનો સામનો કરવો પડ્યો છે.

મોદીએ એક સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું છે કે, સરકારે એકપછી એક સિદ્ધીઓ હાંસલ કરી છે. સાથે-સાથે પોતાના અને અન્યોને કઠોર સંદેશાઓ પણ આપ્યા છે. અચ્છે દિનને લઈને સરકાર પર પ્રહાર કરી રહેલા લોકોની ઝાટકણી કાઢતાં મોદીએ કહ્યું હતું કે, દેશનો ખરાબ સમય જતો રહ્યો છે. સારા દિવસ આવી ગયા છે. પરંતુ કેટલાક લોકો સરકારના કામને નુકશાન પહોંચાડી રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે, સારા દિવસો આવ્યા છે પરંતુ કેટલાક લોકો અમારા કામો તરફ ધ્યાન આપવામાં ન આવે તેવા પ્રયાસ કરી રહ્યા છે.

મોદીએ એમપણ કહ્યું હતું કે, લઘુમતીઓ સામે નિવેદનને ચલાવી લેવાશે નહીં. મોદીએ એનડીએ સરકારની એક વર્ષની અવધિ પુરી થવાના પ્રસંગે રિપોર્ટ કાર્ડ એક વર્ષનો રજુ કરીને ભ્રષ્ટાચાર મુક્ત અને કૌભાંડ મુક્ત સરકારની વાત કરી હતી. તેમના શાસન હેઠળ કોઈ કૌભાંડ એક વર્ષના ગાળામાં થયા નથી. લોકો ધીરજ ગુમાવી રહ્યા છે અને ગયા વર્ષે ચુંટણી પ્રચાર દરમિયાન વચન મુજબ અચ્છે દિન લોકોને દેખાઈ રહ્યા નથી તે અંગે પૂછાતા મોદીએ કહ્યું હતું કે, એકપછી એક સારા કામ થઈ રહ્યા છે. અગાઉની યુપીએ સરકાર પર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે, જો વધુ એક વર્ષ આ સરકારને અપાયું હોત તો દેશને ડુબાડી દીધું હોત. હવે ભાઈ-ભતીજાવાદની સ્થિતિ નથી. કેટલાક લોકો હાલના દિવસોમાં મુશ્કેલમાં છે.

મોદીએ અન્ય એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, વર્ષોથી દેશને લુંટી રહેલા લોકો માટે અચ્છે દિનની ગેરેન્ટી તેઓ આપી રહ્યા નથી અમે એ પ્રકારે સરકાર ચલાવી રહ્યા છે જેમાં સ્થિતિ વધુ પારદર્શક બનશે. સંઘ પરિવારને આપેલા કઠોર સંદેશમાં મોદીએ કહ્યું છે કે અમારા બંધારણમાં દરેક નાગરિકને સ્વતંત્રતા અપાઈ છે. જેની અવગણના કરી શકાય નહીં.

# પાંચમીએ વરસાદના સંકેત

## પહેલી જુનની સામાન્ય તારીખે એન્ટ્રી ન થઈ : ભારતમાં બે ટ્રિલીયન ડોલરના અર્થતંત્ર પૈકી આશરે ૧૫ ટકા યોગદાન કૃષિનું છે : બે તૃતીયાંશ વસ્તી આધારીત છે

નવી દિલ્હી,તા. ૧

મોનસનુને લઈને ભારે ચર્ચા ખેડૂત સમુદાય અને સામાન્ય લોકોમાં જોવા મળી રહી છે ત્યારે મોનસુનમાં પહેલાથી જ વિલંબ થઈ ચુક્યો છે. આગામી પાંચ દિવસમાં કેરળના દરિયાકાંઠે મોનસુન પહોંચે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. પહેલી જુનના દિવસે સામાન્ય વરસાદની એન્ટ્રી થઈ જશે તેમ માનવામાં આવી રહ્યું હતું. હવામાન વિભાગે પણ કહ્યું હતું કે, મોનસુનની સમયસર એન્ટ્રી થઈ જશે. પરંતુ મોનસુનમાં વિલંબની સ્થિતિ સર્જાઈ છે. વાર્ષિક વરસાદી સીઝન ભારત માટે મહત્વપૂર્ણ છે. કારણકે, સિંચાઈના અભાવથી આ જટીલ સ્થિતિ ઉભી થઈ શકે છે.

ભારતના બે ટ્રિલીયન અર્થતંત્ર પૈકી ૧૫ ટકા કૃષિ ક્ષેત્ર યોગદાન આપે છે. વરસાદ ૧.૨૫ અબજની ભારતની વસ્તી પૈકી બે તૃતીયાંશ લોકોને ટેકો આપે છે. કૃષિ સમુદાય વરસાદ ઉપર આધારીત રહે છે. ગ્રામીણ ક્ષેત્રોમાં મોટાભાગની વસ્તી રહે છે. કેરળના દરિયાકાંઠે મોનસુન પહોંચ્યા બાદ મોનસુનની શરૂઆત થઈ જશે અને ચાર મહિના સુધી આની ગતિવિધી ચાલશે. ભારતીય હવામાન વિભાગના ડિરેક્ટર બીપી યાદવે કહ્યું છે કે, અમને આશા છે કે મોનસુનની સ્થિતિ હવે વધુ સાનુકુળ બનશે અને કેરળના દરિયાકાંઠા પર મોનસુન જામશે.

પાંચમી જુન સુધી કેરળ દરિયાકાંઠામાં મોનસુન પહોંચી જશે. ગયા મહિને હવામાન કચેરીએ આગાહી કરી હતી કે, મોનસુન ૩૦મી મેના દિવસે કેરળના દરિયાકાંઠે પહોંચી જશે. ગયા વર્ષે મોનસુનની એન્ટ્રી છઠ્ઠી જુનના દિવસે થઈ હતી. આગાહીના એક દિવસ બાદ અને સામાન્ય તારીખમાં પાંચ દિવસ બાદ ગયા વર્ષે મોનસુનની એન્ટ્રી થઈ હતી. આ સિઝન ઓછા વરસાદ સાથે પૂર્ણ થઈ હતી, જેથી અનાજ ઉત્પાદનને માઠીઅસર થઈ હતી. કૃષિ મંત્રાલય દ્વારા વાર્ષિક વરસાદમાં કોઈ વિલંબના કારણે ઉભી થનાર સ્થિતિને પહોંચી વળવા આશરે ૫૮૦ જિલ્લાઓ માટે ખાસ યોજના તૈયાર કરી લીધી છે.

મોનસુન જુનના મધ્ય સુધી સામાન્ય રીતે અડધા દેશને આવરી લે છે. જ્યારે જુલાઈના મધ્ય સુધી સમગ્ર દેશને આવરી લે છે આનાથી ચોખા, સોયાબીન, શેરડી અને કપાસ જેવા ઉનાળાના પાક માટે ખેડૂતો આયોજન કરે છે. વરસાદ ઓછો રહેવાની સ્થિતિમાં તકલીફ ઉભી થઈ શકે છે. એપ્રિલ મહિનામાં હવામાન કચેરીએ સામાન્ય કરતા ઓછા વરસાદની આગાહી કરી હતી. અલનીનોના લીધે આ વરસાદ ઓછો રહેવાની વાત કરાઈ હતી.

# મોબાઈલ યુઝરોને કોલ ડ્રોપ પર બેલેન્સ મળશે

## હાઈકોલ ડ્રોપ રેટનો સમાનો કરનાર સેલફોન યુઝરો માટે સારા સમાચાર

નવી દિલ્હી,તા. ૧

નિરાશાજનક નેટવર્ક અને હાઈકોલ ડ્રોપ રેટનો સામનો કરનાર સેલફોન યુઝરો માટે સારા સમાચાર છે. કારણકે, આ વર્ષે ઓગસ્ટ મહિનાથી સેલફોન યુઝરોને કોલ ડ્રોપ ઉપર મોબાઈલ બેલેન્સની સુવિધા આપવામાં આવશે. જો સેલફોન યુઝર કોલ ડ્રોપની સમસ્યાનો સામનો કરશે તો આ યુઝરને તેના ટેલિકોમ ઓપરેટર દ્વારા કોલ રેટ સાથે વળતર ચુકવવામાં આવશે. આ નાણાં તેના મોબાઈલમાં બેલેન્સમાં ઉમેરાશે. ત્રણ મહિના સુધી ટ્રાયલ હાથ ધરવામાં આવ્યા બાદ આ પ્રોજેક્ટ હવે પરીપૂર્ણ થઈ ચુક્યો છે. ટેલીકોમ વિભાગને એક એવું સાધન હાથ લાગ્યું છે કે દેશભરમાં તમામ મોબાઈલ સેક્ટર પર ચાંપતી નજર રાખશે. નવી ટેકનોલોજી મારફતે વિભાગ વ્યક્તિગત મોબાઈલ નંબર માટે કોલ ડ્રોપની ફ્રિક્વન્સી અને સમયના સંદર્ભમાં માહિતી આપશે. ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડિયાના ધારાધોરણ મુજબ કોલ ડ્રોપ હવે બે ટકાથી ઓછો હોવો જોઈએ. પરંતુ તે સતત વધી રહ્યો છે અને હાલ ૧૪ ટકા સુધી પહોંચ્યો છે.


ભારતમાં સરેરાશ દરેક ચાર-પાંચ કોલ પછી એક કોલરને કોલ ડ્રોપની સમસ્યાનો સામનો કરવો પડે છે. ટ્રાયે સર્વિસ બેંચમાર્કની જુદી-જુદી ગુણવત્તાની પરિભાષા નક્કી કરી છે. ટેલીકોમ ઓપરેટરોને આ પરિભાષા અને ધારાધોરણો પાળવા પડશે.

# પાકિસ્તાનની સેના દ્વારા ફરી એકવખત યુદ્ધવિરામનો ભંગ

## અંકુશ રેખા પર ફરી તંગ સ્થિતી સર્જાઇ : ઓટોમેટિક હથિયારો -રોકેટ પ્રોજેક્ટાઇલ ગ્રેનેડો મારફતે હુમલો કર્યો : કલાકો સુધી ગોળીબારની રમઝટ

શ્રીનગર,તા. ૧

જમ્મુ કાશ્મીરના પુચ



જિલ્લામાં અંકુશ રેખા પાસે પાકિસ્તાન દ્વારા નવેસરથી કરવામાં આવેલા યુદ્ધવિરામના ભંગના કારણે સ્થિતી જટિલ રહી હતી. ભારતીય સેના દ્વારા પાકિસ્તાન દ્વારા કરવામા આવેલા ગોળીબારનો કોઈ જવાબ આપ્યો ન હતો. ભારતીય સેનાના અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ ંછે કે પાકિસ્તાનની સેનાએ કૃષ્ણાંઘાટી સેક્ટરમાં બે વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. ઓટોમેટિક હથિયારો દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. જેના કારણે થોડાક સમય માટે અંકુશ રેખા પર તંગ સ્થિતી રહી હતી. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારનો ભારતીય જવાનોએ કોઈ જવાબ ન આપતા ગોળીબાર વધારે સમય સુધી ચાલ્યો ન હતો. આ ગોળીબારમાં કોઈ નુકસાન થયું નથી. પાકિસ્તાની સેનાએ ગયા મહિનામાં જમ્મુ જિલ્લાના આરએસ પુરા સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ અને બોર્ડર આઉટ પોસ્ટ ખાતે ગોળીબાર કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે કાશ્મીરના કુપવારા જિલ્લામાં ત્રાસવાદીઓના હુમલાના પ્રયાસને ગઈકાલે જ નિષ્ફળ બનાવી દેવામાં આવ્યો હતો. ભારતીય સેનાએ જોરદાર ઓપરેશન પાર પાડીને ત્રણ ખુંખાર ત્રાસવાદીઓને ટાર માર્યા હતા. હથિયારો અને તેમના મૃતદેહો મોડેથી તંગધારમાંથી કબજે કરવામાં આવ્યા હતા. ત્રાસવાદીઓ અને સેનાના જવાનો વચ્ચે કલાકો સુધી જોરદાર જંગ ખેલાયો હતો. પાકિસ્તાનમાં સક્રિય થયેલા ત્રાસવાદીઓ સરહદમાં ઘુસણખોરી કરવાના પ્રયાસ કરી રહ્યા છે. જો કે તેમને સફળતા મળી રહી નથી. કારણ કે સેનાના જવાનો ખુબ સાવધાન થયેલા છે.

# જયલલિતા સામે કર્ણાટક સરકાર સુપ્રીમમાં અપીલ કરશે

નવી દિલ્હી, તા. ૧

અપ્રમાણ સંપત્તિ કેસમાં તમિલનાડુના મુખ્યમંત્રી જયલલિતાને નિર્દોષ છોડી મુકવા સામે કર્ણાટક સરકાર સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવા માટે નિર્ણય કરી ચુકી છે. રાજ્યના કાયદા પ્રધાન ટીબી જયચંદ્રએ પત્રકારો સાથે વાતચીત કરતાં કહ્યું હતું કે, રાજ્ય કેબિનેટે ભલામણો સ્વિકારી લીધી છે. ૧૧મી મેના દિવસે કર્ણાટક હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશની સામે અપીલ કરવા માટે ખાસ પબ્લિક પ્રોસીક્યુટર અને રાજ્યોના એડવોકેટ જનરલની ભલામણો સ્વિકારી લેવામાં આવી છે. ૧૧મી મેના દિવસે કર્ણાટક હાઈકોર્ટે આપેલા ચુકાદામાં જયલલિતાને નિર્દોષ જાહેર કર્યા હતા. કર્ણાટક આ કેસમાં એકમાત્ર પ્રોસીક્યુટીંગ એજન્સી છે જે કેસને તમિલનાડુમાં બેંગ્લોરથી ટ્રાન્સફર કરવાની પણ માંગ કરાઈ હતી. ૨૭મી એપ્રિલના દિવસે સુપ્રીમ કોર્ટની ત્રણ જજની બનેલી બેંચે આ કેસમાં એસપીપીની નિમણૂંક કરવા રાજ્ય સરકારને આદેશ કર્યો હતો. કારણકે, કર્ણાટક કેસના ટ્રાન્સફર અંગે પ્રોસીક્યુટીંગ એજન્સી છે. જસ્ટીસ દીપક મિશ્રાના નેતૃત્વમાં બેંચે કહ્યું હતું કે, એકવખતે આ કેસ કર્ણાટકમાં શિફ્ટ થઈ જશે ત્યારે રાજ્ય પ્રોસીક્યુટરની ભૂમિકામાં આવી જશે. સુપ્રીમે ઠેરવ્યું છે કે, કર્ણાટકે તેની જવાબદારી સમજવી જોઈએ અને પ્રોસીક્યુશનના સંદર્ભમાં નિષ્પક્ષ ખાતરી કરવી જોઈએ.

# અયોગ્ય કંપનીઓની તરફેણ કરવા રાજાએ કાવતરા ઘડ્યા

## ટુજી સ્પેક્ટ્રમની ફાળવણી સાથે સંબંધિત મની લોન્ડરીંગ કેસમાં સુનાવણીવેળા દાવો : ૨૭મી જુલાઈએ સુનાવણી

નવી દિલ્હી, તા. ૧

ટુજી સ્પેક્ટ્રમની ફાળવણી સાથે સંબંધિત મની લોન્ડરીંગ કેસમાં સુનાવણી ચલાવનાર ખાસ અદાલતને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આજે કહ્યું હતું કે, પૂર્વ ટેલિકોમ પ્રધાન રાજાએ અયોગ્ય કંપનીઓને ટેલિકોમ લાઈસન્સ આપવા માટે અન્ય આરોપીઓ સાથે મળીને કાવતરા ઘડી કાઢ્યાં હતાં. આ કેસમાં દલીલો પર અંતિમ સુનાવણી દરમિયાન ઈડીના સ્પેશિયલ પબ્લિક પ્રોસીક્યુટર આનંદ ગ્રોવરે કહ્યું હતું કે, આના માટે ૨૦૦ કરોડ રૂપિયાની ચુકવણી સ્વાંગ ટેલીકોમ લીમિટેડના પ્રમોટરો દ્વારા કરવામાં આવી હતી. ડાયનેમિક રિયાલિટી મારફતે પણ હિલચાલ હાથ ધરાઈ હતી.

# રેલવેના આધુનીકિકરણ અને વિસ્તરણ માટે સરકાર ખુબ ઈચ્છુક

## બુલેટ ટ્રેન સહિતની ઘણી યોજના ઝડપી બનશે : એક લાખ કરોડના અટવાઈ પડેલા પ્રોજેક્ટો ઉપર ધ્યાન અપાશે : હવે રેલવે આધુનિકીકરણને પ્રાથમિકતા અપાશે



નવીદિલ્હી,તા. ૧

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર સામે જે પ્રાથમિકતા છે તેમાં રોકડ કટોકટીનો સામનો કરી રહેલા રેલવેની સ્થિતિને સુધારવાની બાબતનો સમાવેશ થાય છે. મૂળભૂત સુધારાઓ રજૂ કરીને વિકાસને વધારવાને પ્રાથમિકતા આપવામાં આવશે. રેલવેને કટોકટીમાંથી બહાર કાઢી વિકાસશીલ આધાર બનાવવા માટે મુખ્ય પડકાર રહેશે. એક દશકનો સૌથી ઓછો વિકાસદર તાજેતરના સમયમાં રહ્યો છે. છેલ્લા બે દશકના ગાળામાં રેલવેની હાલત કફોડી બની છે. મોદીના નેતૃત્વમાં ભાજપની તરફેણમાં સ્પષ્ટ બહુમતિ મળ્યા બાદ એવી ચર્ચા છે કે, આ વખતે રેલવેમાં નવા પ્રાણ ફૂંકવામાં આવશે. રેલવેની સ્થિતિને બદલવા માટે તમામ પગલા લેવામાં આવશે. ચૂંટણી પ્રચાર દરમિયાન મોદીએ ભારતના વિકાસ માટે મુખ્ય એન્જિન તરીકે રેલવેને ગણાવીને તેમાં સુધારા કરવાની વાત કરી હતી. જો કે, મોદીએ કોઈ ચોક્કસ યોજનાની વાત કરી ન હતી. ભાજપના ચૂંટણી ઢંઢેરામાં બુલેટ ટ્રેનની વાત કરવામાં આવી હતી. ચૂંટણી ઢંઢેરામાં જણાવવામાં આવ્યુ હતું કે કે, ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને શક્તિશાળી બનાવવા માટે પાર્ટીએ યોજના બનાવી હતી. રાષ્ટ્રીય ટ્રાન્સપોર્ટરને વિકાસ એન્જિન બનાવવાની બાબતને પ્રાથમિકતા આપવામાં આવશે. મજબૂત લીડરશીપના પરિણામ સ્વરુપે તથા મજબૂત રાજકીય ઈચ્છા શક્તિથી હવે રેલવેની સ્થિતિને મજબૂત કરવામાં આવશે. ૧૪ લાખ કર્મચારીઓ આમા કામ કરે છે. રેલવે સામે નાણાંકીય કટોકટી રહેલી છે. આધુનિકીરણ અને વિસ્તરણ માટે ફંડના અભાવથી ઘણી યોજનાઓ અટવાઈ પડી છે. સ્ટાફ, ફ્યુઅલ અને પેન્શન બિલ માટે જંગી ચુકવણી કરવામાં આવ્યા બાદ રેલવે પાસે વધારે નાણા રહેતા નથી. એક લાખ કરોડના પ્રોજેક્ટ પેન્ડિંગ પડેલા છે. સેફ્ટીની બાબત પણ મહત્વપૂર્ણ બનેલી છે. રેલવે પ્રધાન સુરેશ પ્રભુ રેલવેને વધુ યાત્રીલક્ષી બનાવવા માટે કેટલીક પહેલ કરી ચુક્યા છે.

## અતીતની આજ (પાના નં.૪ નું ચાલું...)

ભગવાકરણ કે સંઘીકરણનો ઉહાપોહ મચાવવાને બદલે નવનિયુક્ત વ્યક્તિઓ જે તે હોદ્દાને માટે લાયક છે કે નહીં એનું નીરક્ષીર કરવાની જરૂર વધુ હોય છે. વિરોધ કરવા ખાતર વિરોધ કરવાનો કોઈ અર્થ નથી હોતો. કુલપતિપદે કે સરકારી સંસ્થાનોના હોદ્દે યોગ્ય વ્યક્તિઓ નિયુક્ત થાય એ જરૂરી છે. આઈસીએચઆરમાં નવનિયુક્ત કાઉન્સિલના સભ્યો સંઘ સાથે જોડાયેલા હોય કે પછી અખિલ ભારતીય ઈતિહાસ સંકલન યોજના જેવી સંઘની શાખામાંથી આવતા હોય એટલા માત્રથી તેમનો વિરોધ કરવો એ તો નરી બાલિશતા ગણવી જોઈએ. અમારી દૃષ્ટિએ આઈસીએચઆરની કાઉન્સિલમાં સર્વધર્મી નિષ્ણાત ઈતિહાસકારોને સ્થાન અપાયું હોય ત્યારે એને અગાઉના કાઉન્સિલ સભ્યોએ તો આવકાર્ય લેખવું જોઈએ. રોમિલા થાપર અને ઈરફાન હબીબી કહે એ જ વાત સાચી અને ભારતીય દર્શન તથા ભારતીય ઈતિહાસની અને સંસ્કૃતિની સંઘ પરિવારના નિષ્ણાતો આગળ ધરે એ વાત સાવ ખોટી ગણવામાં આવે તો સામ્યવાદી તાનાશાહી બૂ આવે છે. સંઘની કે તેની વિચારધારાની કે પછી તેની વ્યક્તિઓની ટીકા થઈ શકે, ફાસિસ્ટ અને સંઘી વિચારધારાની તુલના-ટીકા થઈ શકે, પરંતુ માત્ર અમે જ સાચા અને બીજા બધા ખોટા એવી ભૂમિકામાં તો સ્ટાલિન-માઓના 'બંદૂકના નાળચા'માંથી પ્રગટતી સત્તા જ અનુભવાય છે.

માનવ સંસાધન પ્રધાન શ્રીમતી સ્મૃતિ ઈરાની જ નહીં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના શિક્ષણ અને ડિગ્રીઓ વિશેના વિવાદને આગળ કરીને એમને નકારવાનું હવે શક્ય નથી. ભારતમાં પાકિસ્તાનની જેમ લોકસભા કે રાજ્યસભામાં સભ્યપદ મેળવવા માટે ન્યુનતમ શૈક્ષણિક લાયકાતનાં ધોરણ ઠરાવાયેલાં નથી. એટલે તો કે. કામરાજ જેવી વ્યક્તિ તમિળનાડુની મુખ્યમંત્રી અને અ.ભા. કોંગ્રેસમાં પ્રભાવી અધ્યક્ષ થઈ શકે છે તો શ્રીમતી ઈરાનીના ગ્રેજ્યુએશન કે મોદીના પોસ્ટ ગ્રેજ્યુએશનની પદવીની ચર્ચાને બદલે તેમની કામગીરીનું નીરક્ષીર કરવાની વધુ જરૂર છે.

પાઠ્યપુસ્તકો બદલાય અને નવા અભ્યાસક્રમો ઘડાય ત્યારે અથવા એ પ્રક્રિયા દરમિયાન એમની યોગ્યાયોગ્યતાની ચર્ચા થાય, નક્કર મુદ્દા આગળ કરાય એ અપેક્ષિત ખરું, શિક્ષણનું ભગવાકરણ ભારતમાં નહીં તો શું પાકિસ્તાનમાં થશે? ભગવો રંગ હિંદુઓનો અને લીલો રંગ મુસ્લિમો તથા લાલ રંગ કમ્યૂનિસ્ટોનો એવી વહેંચણી કરી લેવામાં તો 'સત્ય એ જ ઈશ્વર'ની સ્વામી વિવેકાનંદથી મહાત્મા ગાંધી સુધીની પરંપરા નામશેષ બની જશે.

# આરબીઆઈની આજે નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરાશે

## વ્યાજદરમાં આજે વધુ ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરાય તેવા સંકેત : સીઆરઆરમાં ફેરફાર કરાય તેવી સંભાવના : અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવા કેટલાક પગલા લેવાશે : લોન સસ્તી થશે કે કેમ તેને લઈ બધા લોકોમાં ચર્ચા

મુંબઈ,તા. ૧

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા આવતીકાલે તેની નાણાકીય નીતિ સમીક્ષા જારી કરતીવેળા વ્યાજદરમાં કાપ મુકી શકે છે. આ વર્ષે ત્રીજી વખત આરબીઆઈ કાપ મુકે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. કારણકે, ફુગાવો હાલ કાબુ હેઠળ છે અને અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા રિઝર્વ બેંક પણ વધુ મદદરૂપ બને તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. ભારત વિશ્વમાં સૌથી ઝડપી ઉભરી રહેલા અર્થતંત્રમાં સ્થાન મેળવી ચુક્યું છે. ચીનને પાછળ છોડવામાં ભારતે સફળતા મેળવી છે. પરંતુ અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે, અન્ય પરિબળોની સાથે આંકડા મેળ ખાતા નથી. ૪૮ અર્થશાસ્ત્રીઓ પૈકીના ૩૫ માને છે કે, આરબીઆઈ રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરીને તેને ૭.૨૫ ટકા કરી શકે છે. જાન્યુઆરીમાં પણ ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આવી જ રીતે માર્ચમાં પણ તેમાં ઘટાડો કરાયો હતો. ત્રણ અર્થશાસ્ત્રીઓ માને છે કે, ૫૦ બેઝિક પોઈન્ટ સુધીનો ઘટાડો કરવામાં આવી શકે છે. છેલ્લી નાણાંકીય નીતિ સમીક્ષામાં રેટ સ્થિર રહ્યા હતા.

ફુગાવો ૪.૮૭ ટકાની ચાર મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો છે. સપ્ટેમ્બર-૧ ૩થી જાન્યુઆરી-૧૪ સુધી વધારો કરવામાં આવ્યા બાદ ફરી રેટમાં ઘટાડાની શરૂઆત થઈ હતી.શેરબજાર અને ઉદ્યોગજગતની માગને ધ્યાનમાં લઈને તથા હાલમાં રહેલા સંજોગોને ધ્યાનમાં લઈને આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજન વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે. વ્યાજદરમાં ઘટાડો કરીને રાજન લોનને સસ્તી શકે છે. મોટાભાગના દેશના અર્થશાસ્ત્રીઓ પણ નક્કરપણે માની રહ્યા છે કે વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવનાર છે.

નાણાપ્રધાન અરૂણ જેટલી પણ માને છે કે વ્યાજદરમાં ઘટાડો કરવાની સ્થિતી રહેલી છે. ૭મી એપ્રિલના દિવસે તેની છેલ્લી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષામાં આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજને પોલિસી રેટ અથવા રેપોરેટમાં કોઈ ફેરફાર ન કરવાનો નિર્ણય કર્યો હતો.

જોકે, રિઝર્વબેંકેઆ વર્ષેપોલિસી રેટમાં બે વખત ઘટાડો કર્યો છે જેમાં જાન્યુઆરી અને માર્ચ મહિનામાં બે વખત પોલિસી રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરાયોહતો. રેપોરેટ હાલમાં ૭.૫ ટકા છે જ્યારે કેશરિઝર્વરેશિયો હાલમાં ચાર ટકાની સપાટી ઉપર છે. મોટાભાગના બેંકિંગ નિષ્ણાતો માની રહ્યા છે કે, આરબીઆઈ વ્યાજદરમાં ઘટાડો કરવા માટે તૈયાર છે. ઈન્ડસ્ટ્રી અને બેંકરો પણ માને છે કે, રેટમાં ઘટાડો થશે.